---

**નામદારશ્રી અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં,**
**મુ.અંજાર કચ્છ**

---

**ફો.પ.અ.નં.૧૨૫/૨૦૨૬**
**આંક–૯/ડી**

**પટેલ અરવિંદભાઈ અભુભાઈ,**
ઉ.વ.૩૮ આ., ધંધોઃપશુપાલન અને
માલધારી,રહે.પટેલવાસ,ગોરજ
અમદાવાદ. **...અરજદાર.**

**વિરુદ્ધ**

**શ્રી સરકાર, મારફતેઃ**
પોલીસ ઈન્સપેક્ટરશ્રી,
અંજાર પોલીસ સ્ટેશન,અંજાર–કચ્છ. **...સામાવાળા.**

**બાબતઃ–** અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૩૨૬૦૨૨૫ /૨૦૨૬, પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ), ૧૧ (૧)(કે) વાળા ગુન્હા કામે મુદ્દામાલ ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલે પશુ જીવ નંગ–૦૪ પરત મેળવવા બાબત.

---

**// અરજદાર તરફે વિ.વકીલશ્રી જી.એસ.શેખ//**

---

**(૧)** હાલની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા તે સાથે રજુ થયેલ કાગળો તથા અરજી તળેના શેરા વંચાણે લીધા. અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી જી.એસ.શેખ તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**(૨)** આ કામે અરજદારે અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૯૯૩૦૦૩૨૬૦૨૨૫/૨૦૨૬,પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ –૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ), ૧૧(૧)(કે) વાળા ગુન્હા કામે મુદ્દામાલ ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલે પશુ જીવ નંગ–૦૪ વાળા તે પરત મળવા હાલની અરજી કરેલ છે.

અરજદારે પોતાની હાલની અરજીના સમર્થનમાં માર્ક–૩/૧ થી અરજદારના આધાર કાર્ડની નકલ, માર્ક–૩/૩ થી શ્રી કુલાય જુથ ગ્રામ પંચાયતના દાખલાની નકલ, માર્ક–૩/૩ થી શ્રી લુણા જુથ ગ્રામ પંચાયતના દાખલાની નકલ તથા માર્ક–૩/૪ થી એફ.આઈ.આર. ની નકલ રજુ રાખેલ છે.

**(૩)** સદર કામે અરજદારે હાલની અરજી દાખલ કરતા, સંબંધીત પોલીસ સ્ટેશનના ત.ક.અ.શ્રીને અભિપ્રાય રજુ કરવા માટે યાદી કરવામાં આવેલ, ત.ક.અ.શ્રીએ આંક–૦૬ તેમનો અભિપ્રાય તથા તે સાથે મુદ્દામાલ પાવતી તથા પંચનામાની નકલ રજુ કરેલ છે અને તેમણે તેમના અભિપ્રાયમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ પોતાના કબ્જાની ભેંસો જીવને બોલેરો ગાડીમાં ઠાઠામાં હલન–ચલન ના કરી શકે તે રીતે મુસ્કેટાટ દોરડા વડે ક્રુરતા પુર્વક બાંધી તથા ગાડીના ઠાઠામાં ઘાસચારો કે પાણી કોઈ વ્યવસ્થા ન રાખેલ હોય, ભેસોને છોડવામાં આવશે તો ફરીથી મુંગા જીવ ભેંસોને ગાડીમાં ભરી હનલ–ચલન ના કરી શકે તે રીતે મુસ્કેટાટ દોરડા વડે ક્રુરતાપુર્વક બાંધી તથા ગાડીના ઠાઠામાં ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા ન રાખ ફરીથી મુંગા પશુઓને હેરાન પરેશાન કરે તેવી પુરતી શક્યતા હોય જેથી મુંગા પશુ ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ અરજદાર/આરોપીને પરત નહિં સોંપવા અભિપ્રાય આપેલ છે.

**(૪)** ઉભય પક્ષોની દલીલો સાંભળી, અરજદારની હાલની અરજી, અરજી તળેનો શેરો તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીશ્રીનો અભિપ્રાય તથા તે સાથે રજુ થયેલ પંચનામું અને મુદ્દામાલ પાવતી વંચાણે લીધા. હાલના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ દસ્તાવેજી આધાર સાથે રજુ રાખેલ શ્રી કુલાય જુથ ગ્રામ પંચાયતના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા શ્રી લુણા જુથ ગ્રામ પંચાયતના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. તેમજ સદર કામે જે આરોપી પાસેથી મુદ્દામાલ

ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ કબ્જે લેવામાં આવેલ છે તેઓએ પણ સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો વાંધો ન હોવા અંગેની નો–ક્લેઈમ પુરશીષ રજુ કરેલ છે.

(૫) સદર કામે અરજદાર તરફે માર્ક–૩/૨ થી શ્રી કુલાય જુથ ગ્રામ પંચાયત તથા માર્ક–૩/૩ થી શ્રી લુણા જુથ ગ્રામ પંચાયતના દાખલાની નકલ કરેલ છે. ઉપરોક્ત બન્ને ગ્રામ પંચાયતના દાખલાઓ વંચાણે લેવામાં આવે તો તેમાં સદરહું ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ આ કામના અરજદારની માલીકીની હોય તેવું સદરહું પ્રમાણપત્રોમાં ક્યાય દર્શાવેલ નથી અને માલીકીનો કોઈ બીજા આધારો રજુ કરેલ નથી જેથી સદરહું માર્ક–૩/૨ તથા ૩/૩ થી રજુ ઉપરોક્ત શ્રી કુલાય જુથ ગ્રામ પંચાયત તથા શ્રી લુણા જુથ ગ્રામ પંચાયતના દાખલાઓથી સદરહું ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ અરજદારની માલીકીની હોય તેવું પુરવાર થતુ નથી. આમ,સદરહું મુદ્દામાલ ભેંસો જીવ નંગ–૦૩ તથા ભેસનું બચ્ચુ પાડી જીવ નંગ–૧ કુલ્લે પશુ જીવ નંગ–૦૪ અરજદારને પરત સોંપવાનું ન્યાયોચિત્ત જણાઈ આવતું ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) અરજદારની હાલની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખઃ૨૦મી, માહેઃમાર્ચ,સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ–૨૦/૦૩/૨૦૨૬
સ્થળઃ–અંજાર–કચ્છ.

**(બી.આર.વાઘેલા)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૯૩.

//એચ.એન.ભાવસાર//